## મોંઘવારીના માર વચ્ચે પેટ્રોલ-ડીઝલની અછતની અફવાએ જોર પકડ્યું

# વલસાડમાં સતત ત્રીજા દિવસે ઈંધણ માટે હાહાકાર

**વલસાડ** જિલ્લાના પેટ્રોલ પંપો પર વાહનોની કિલોમીટર લાંબી કતારો

**ધરમપુર**-કપરાડામાં પંપો પર 'નો સ્ટોક'ના બોર્ડ લાગ્યા

**ભર** તાપમાં નોકરી-ધંધો છોડી લોકો કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબૂર



વલસાડ : સરકારે પેટ્રોલ ઉપર 2.99 અને ડીઝલમાં રૂપિયા 3.09 નો વધારો કરતા વાહનચાલકોના માથે મોંઘવારીઓનો વધુ એક ડોઝ પડતા સામાન્ય વર્ગનું બજેટ ખોરવાયું છે. તો બીજી તરફ ભાવ વધારો છતાં વલસાડ જિલ્લામાં પેટ્રોલ પંપો ઉપર લાંબી લાઇનો જોવા મળી હતી. જોકે મીડિયા સતત પેટ્રોલિયમ પેદાશોનો જથ્થો પુરતો છે, પેટ્રોલ ડીઝલ નિયમિત મળતું રહેશે તેમ જણાવવા સાથે અફવાઓ ઉપર ધ્યાન ન આપવાની વાત કરી રહ્યા છતાં સરકાર કે સબંધિત વિભાગ દ્વારા આ મુદ્દે કોઈ સ્પષ્ટતા કેમ નથી કરી તેવો પ્રશ્નો લોકો ઉઠાવી રહ્યા છે. તો ભાવ વધારા વચ્ચે વલસાડ શહેર જિલ્લામાં સત્તત ત્રીજા દિવસે શુક્રવારે પણ જે પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ છે ત્યાં વાહનચાલકોએ લાંબી-લાંબી કતારો લગાવી હતી. વલસાડ શહેરના પેટ્રોલ પંપો ઉપર જ્યાં પેટ્રોલ હતુ ત્યાં લાંબી લાઈનો જોવા મળી હતી. કલ્યાણ બાગના પેટ્રોલ પંપ ઉપર વાહનોની લાઇનો જોવા મળી હતી. તો ટુ વ્હીલર સાથે ફોર વ્હીલરની પણ લાઇનો લાગતા ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાઈ હતી. તો આદિવાસી તાલુકા ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા તાલુકાઓમાં મહત્તમ પેટ્રોલ પંપો ઉપર પેટ્રોલ-ડીઝલ જથ્થો ન હોવાના બોર્ડ લાગ્યા હતાં. જેને લઇ નોકરિયાતો અને ખેડૂતોને ગંભીર પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. નોકરી ધંધો છોડી લોકો પોતાના વાહનો સાથે ભર તાપમાં 200 રૂપિયાનું પેટ્રોલ ભરાવવા લાઈનો લગાવી રહ્યા છે.

### નાનાપોંઢા, કપરાડામાં પેટ્રોલ ડીઝલ ન હોવાના બોર્ડ લાગ્યા

આદિવાસી તાલુકા ધરમપુર, કપરાડા અને નાનાપોંઢા તાલુકાઓમાં પણ પેટ્રોલ ડીઝલ મુદ્દે ફેલાયેલી અફવાને લઈ લોકો સવાર, સાંજ અને મોડી રાત સુધી પેટ્રોલ ભરાવવા દોડધામ કરી રહ્યા છે. નાનાપોંઢા કપરાડા તાલુકાના પેટ્રોલ ડીઝલ ન હોવાના બોર્ડ લાગ્યા હતાં. જેને લઈ કામદારો સાથે ખેડૂતોને ગંભીર સમસ્યા ઊભી થઇ છે.

### વાંસદામાં રાત્રે જ વાહનોની લાંબી કતાર જોવા મળી

વાંસદા : વાંસદામાં પેટ્રોલ-ડીઝલની અછત વચ્ચે કેટલાક પેટ્રોલ પંપના માલિકો સંચાલકો દ્વારા મર્યાદિત માત્રામાં વાહન ચાલકોને પેટ્રોલ ભરી આપતા વાહન ચાલકોમાં રોષ જોવા મળ્યો હતો. તા.૧૪મે ના રોજ વાંસદા તાલુકાના કેટલાક પેટ્રોલ પંપો ઉપર બપોર બાદ પેટ્રોલ - ડીઝલ નથી ના બોર્ડ લાગ્યા બાદ મોડી રાત્રે જથ્થો ઉપલબ્ધ હોવાની વાત ફેલાઈ જતા રાત્રે જ પેટ્રોલ પંપ ઉપર વાહનોની લાંબી લાઇન જોવા મળી રહી હતી. કલાકોની લાઇન બાદ પણ મર્યાદિત માત્રામાં જ પેટ્રોલ ભરી આપતા ટ્રાવેલિંગના વ્યવસાય સાથે જોડાયેલા લોકોએ કામ ધંધાર્થે જવામાં મોટી મુશ્કેલી ઉભી થઈ છે.


નિલેશ કાપડિયા

### વાપીના પેટ્રોલપંપો ઉપર વાહનોની કતારો, ક્યાંક પેટ્રોલ છે ક્યાંક ખાલીખમ

વાપી : વાપી વિસ્તારના પણ મોટે ભાગના પેટ્રોલપંપો ઉપર વાહનોની કતારો જોવા મળી હતી. વાપીના કેટલાક પેટ્રોલપંપો ઉપર ડિઝલ-પેટ્રોલનો જથ્થો ન હોવાનું કર્મચારીઓ જણાવી રહ્યા હતાં. તો ક્યાંક પેટ્રોલનો જથ્થો હોય ત્યાં વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. પેટ્રોલ કે ડિઝલનો જથ્થો ન મળતા વાહનચાલકોની હાલત કફોડી બની હતી. જ્યારે કેટલાક પેટ્રોલપંપોના મુખ્ય દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતાં. જેથી પેટ્રોલ કે ડિઝલ ભરાવવા આવનારા વાહનચાલકોને ખ્યાલ આવી જતો. અત્રે નોંધનીય છે કે, વાપીમાં ક્યાંક પેટ્રોલપંપો ઉપર પૂરતો જથ્થો નથી અને જ્યાં છે ત્યાં વાહનોની લાંબી કતારો લાગી રહી છે. જ્યારે પેટ્રોલ પંપવાળાઓ દ્વારા પણ મર્યાદિત પુરવઠો આપી રહ્યા છે.

### લોકોએ પેનિક થવાની જરૂર નથી

વલસાડ જિલ્લા પુરવઠા અધિકારી ડી.એસ.બારીયાએ જણાવ્યું કે, પેટ્રોલ ડીઝલનો જથ્થો જિલ્લામાં પુરતો છે. એક યા બીજા કારણોસર ફેલાયેલી અફવાઓને લઈ એકસાથે લોકોએ મોટી સંખ્યામાં પેટ્રોલિયમ જથ્થો ભરાવતા સમસ્યા ઉભી થઈ હતી. લોકોએ પેનિક થવાની જરૂર નથી. જિલ્લામાં આવેલા 128 પૈકી 22 પેટ્રોલ પંપો ઉપર જ ઉપરોક્ત મુશ્કેલી અનુભવાઈ હતી, તેમ તેમણે જણાવ્યું હતું.

### ખેડૂતોની હાલત કફોડી થઈ

ગ્રામીણ વિસ્તારોમાં સરકારે ખેતી માટે પેટ્રોલ સંચાલિત જનરેટરો, ડીઝલ એન્જિન આપ્યા છે. જોકે હાલે ડીઝલ પેટ્રોલ ન મળતા ખેડૂતોની હાલત કફોડી થઈ છે. પેટ્રોલપંપો ઉપર જતા માત્ર રૂપિયા 200નું પેટ્રોલ આપતા ખેડૂતોમાં નારાજગી સાથે આક્રોશ ફેલાયો છે ત્યારે સ્થાનિક રાજકીય પદાધિકારીઓ આ મુદ્દે તાત્કાલિક રજુઆત કરે તે જરૂરી છે.

### 7 દિવસના જથ્થો એક જ દિવસમાં પૂર્ણ કરી દીધો

**પુરવઠા વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ પેટ્રોલ ડીઝલ પુરાવવા અંગે જિલ્લામાં એટલી હદે પેનિક વધ્યો છે કે 7 દિવસ સુધી ચાલે એટલો જથ્થો વાહનચાલકોએ માત્ર એક જ દિવસમાં પૂર્ણ કરી દીધો છે.**

**ચીખલીના 50 ટકા પંપો પર 'ડીઝલ નથી' ના બોર્ડ વાગ્યા**

## ચીખલીમાં ઈંધણની અછતથી ૧૦૦૦થી વધુ ટ્રકોના પૈડાં થંભ્યા

**ક્વોરી** ઉદ્યોગ અને વિકાસના કામો પર 'બ્રેક'

**તંત્રની** નિષ્ક્રિયતા સામે જનરોષ, પંપ સંચાલકોની મનમાનીથી વાહનચાલકો પરેશાન

ઘેજ : અખાતી દેશોમાં ચાલી રહેલા યુદ્ધ અને તણાવની સ્થિતિ વચ્ચે ચીખલી તાલુકામાં સતત ત્રીજા દિવસે પણ પેટ્રોલ અને ડીઝલની અછત વર્તાતા તાલુકાના ૫૦ ટકાથી વધુ પેટ્રોલ પંપો પર ઈંધણ ખૂટી જતાં જેની સીધી અસર ખનિજ ઉદ્યોગ તેમજ વિકાસના કામો પર પડી રહી છે. ચીખલી પંથકમાં મોટેભાગના પંપો પર ડીઝલ નથી ના બોર્ડ લાગતા હજ્જારો ટ્રકના પૈડાં થંભી જવા પામ્યા છે.

ચીખલી તાલુકો માત્ર ખેતી કે સામાન્ય વેપાર પૂરતો મર્યાદિત નથી પરંતુ મોટા પાયે ક્વોરી ઉદ્યોગ ધમધમતો હોય, બ્લેક ટ્રેપના કપચી, મેટલ, રબલ અને રેતી જેવા ખનિજોના પરિવહન માટે ચીખલી પંથકમાંથી રોજની આશરે ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલી ભારે ટ્રકો વલસાડ, વાપી, સેલવાસ, નવસારી, સુરત અને હજીરા પોર્ટ સુધી દોડતી હોય ત્યારે આ તમામ વાહનો સંપૂર્ણ પણે ડીઝલ પર નિર્ભર હોય છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી અને ખાસ કરીને છેલ્લા ત્રણ દિવસથી ડીઝલની અછતના કારણે મોટાભાગની ટ્રકોના પૈડાં થંભી ગયા છે. ડીઝલ નથી ના બોર્ડ લાગતા ટ્રક ચાલકો અને ટ્રાન્સપોર્ટરોની હાલત કફોડી બની જવા સાથે લોનના હપ્તા ભરવા પણ મુશ્કેલ બની જવા પામ્યા છે અને આ વ્યવસાય સાથે સંકળાયેલા અનેક લોકોના ધંધા રોજગાર પર પણ વિપરીત અસર થવા પામી છે.

### સમયસર પૂરા થનારા પ્રોજેક્ટ્સ હવે વિલંબમાં મુકાયા

પેટ્રોલ ડીઝલની અછતને પગલે સરકારી અને ખાનગી સ્તરે ચાલી રહેલા વિકાસના કામો પર પણ ઈંધણની કટોકટીએ બ્રેક લગાવી દીધી છે. રોડ-રસ્તા, બિલ્ડિંગો અને અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોમાં વપરાતા ભારે મશીનરી અને જેસીબી જેવા વાહનો ડીઝલ વિના બંધ પડતા અને જરૂરી માલસામાન પણ સમયસર ઉપલબ્ધ ન થતા જેના કારણે સમયસર પૂરા થનારા પ્રોજેક્ટ્સ હવે વિલંબમાં મુકાયા છે.

### સો, બસો રૂપિયાનું પેટ્રોલ ડીઝલ આપતા સંચાલકો

ચીખલીમાં તંત્રએ મોનીબાબાની ભૂમિકા ભજવતા આજે ત્રીજા દિવસે પણ કેટલાક પેટ્રોલ પંપના માલિકો, સંચાલકો દ્વારા પોતાની મનમાની ચાલુ રાખી પોતાની રીતે જ સો, બસો રૂપિયાનું પેટ્રોલ ડીઝલ આપવામાં આવી રહ્યુ હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી ત્યારે ઉચ્ચ અધિકારીઓ એસી ચેમ્બરમાં બેસી રહેવાના સ્થાને ફિલ્ડમાં લોકોને પડતી હાલાકી દૂર કરવા કમર કસે તે જરૂરી છે.

## ભાઈને છોડાવવા વચ્ચે પડેલા યુવક પર જીવલેણ હુમલો

**નવસારીની** ટેક્નિકલ સ્કૂલ પાસે પૈસાની લેતીદેતીમાં ત્રણ શખ્સોનો આતંક

**મહિલાએ** બચકાં ભર્યા તો યુવકે કડા વડે નાક પર ફટકો મારતા ફ્રેક્ચર

નવસારી : નવસારી શહેરના ટેક્નિકલ સ્કૂલ વિસ્તારમાં પૈસાની લેતીદેતીના મામલે હિંસક ઝઘડાની ઘટના સામે આવી છે. પોતાના ભાઈને મારમાંથી છોડાવવા વચ્ચે પડેલા એક યુવક પર ત્રણ શખ્સોએ હુમલો કરી નાકમાં ગંભીર ઈજા પહોંચાડતા વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. હુમલા દરમિયાન મહિલાએ બચકાં ભર્યાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ નવસારીના કાગદીવાડ વિસ્તારમાં રહેતા 34 વર્ષીય નસરૂખાન પઠાણ ગત રાત્રે પત્ની અને બાળકો સાથે મોપેડ પર પસાર થઈ રહ્યા હતા. ત્યારે ટેકનિકલ સ્કૂલ વિસ્તાર ખાતે આવેલી 'Mr. Bake' કેકની દુકાન સામે તેમના ભાઈ ફૈઝલ સાથે ઝઘડો ચાલી રહ્યો હોવાનું તેમણે જોયું હતું. પૈસાની લેતીદેતીના મુદ્દે આદિલ મેમણ, ટિનિયો ઉર્ફે આસિફ મેમણ અને નીલુ મેમણ ફૈઝલને માર મારી રહ્યા હોવાનું સામે આવ્યું છે.

ભાઈને બચાવવા માટે નસરૂખાન વચ્ચે પડતા મામલો વધુ ઉગ્ર બન્યો હતો. આરોપીઓએ ગાળો આપી ઝપાઝપી શરૂ કરી હતી. ફરિયાદ મુજબ નીલુ મેમણે નસરૂખાનના ખભા અને હાથના ભાગે બચકાં ભર્યા હતા, જ્યારે આદિલ મેમણે હાથમાં પહેરેલા કડાને હથિયારની જેમ ઉપયોગ કરી તેમના નાકના ભાગે જોરદાર ફટકો માર્યો હતો. ત્યારબાદ આદિલ અને ટિનિયોએ ઉપરાઉપરી મુક્કામાર કરતાં નસરૂખાનને ગંભીર ઈજા પહોંચી હતી. હુમલામાં તેમનું નાક ફ્રેક્ચર થયું હોવાનું તબીબી તપાસમાં સામે આવ્યું છે.

ઘટનાને પગલે વિસ્તારમાં થોડા સમય માટે અરેરાટીનો માહોલ સર્જાયો હતો. ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડવામાં આવ્યા બાદ સમગ્ર મામલે નવસારી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કેસની તપાસ PSI સી.એસ. ઠુમર ચલાવી રહ્યા છે.

### ભિલાડમાં બાઈક ઓવરટેકના વિવાદમાં યુવક પર હુમલો

ઉમરગામ: ડેહલીના ખુલાતપાડા ફળિયામાં રહેતા સંજય પટેલ વાપીથી નોકરી પૂર્ણ કરી પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન ભિલાડ-સંજાણ રોડ પર સરકારી દવાખાના પાસે બાઈક પર આવેલા હમજા સીરાજ ખાન (રહે. મધર કોમ્પ્લેક્સ) અને સાગરીતે સંજયભાઈને અટકાવી ઓવરટેક કરવા બાબતે ઝઘડો કરી નાક અને મોઢાના ભાગે માર માર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા સંજયભાઈને તાત્કાલિક ભિલાડની સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં આંખના ભાગે ઈજા હોવાથી ટાંકા લેવા પડ્યા હતા. વધુ સારવાર માટે વાપીની રેઈન્બો હોસ્પિટલમાં દાખલ કરતા નિદાન થયું હતું કે નાકના ભાગે ફ્રેક્ચર થયું છે. બનાવ અંગે ભિલાડ પોલીસે હુમલાખોરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વાંસદામાં 'લવ જેહાદ' મામલે હિન્દુ સંગઠનો લાલઘૂમ

**આદિવાસી** દીકરીઓને ફોસલાવવાના કિસ્સા વધતા સમાજમાં રોષ, કાર્યવાહી નહીં થાય તો જનઆંદોલનની ચીમકી

**વિશાળ** રેલી યોજી મામલતદારને પાઠવ્યું આવેદનપત્ર


નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદા તાલુકા હિન્દુ સંગઠન દ્વારા જુના ડેપોથી રેલી યોજી વાંસદા તાલુકા સેવા સદન ખાતે પહોંચી લવ જેહાદના બનાવો સામે કડક તપાસ અને કાર્યવાહી કરવા માટેનું આવેદનપત્ર પાઠવ્યું હતું.

વાંસદા તાલુકા હિન્દુ સંગઠન દ્વારા શુક્રવારના રોજ જુના ડેપોથી એક વિશાળ રેલી કાઢી વાંસદા તાલુકા સેવા સદન પહોંચ્યા હતા, ત્યાં ઈન્ચાર્જ મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, જેમાં જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી સમગ્ર ભારતમાં લવ જેહાદ જેવા ગંભીર બનાવોની ચર્ચા વધી રહી છે, જેમાં કેટલાક વિધર્મીઓ દ્વારા હિન્દુ યુવતીઓને ખોટી ઓળખ આપી, ફોસલાવીને અને છેતરપિંડી દ્વારા સંબંધોમાં ફસાવવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આ બાબત સમાજ માટે ચિંતાજનક બની રહી છે. જેમાં વાંસદા તાલુકા વિસ્તારમાં તાજેતરમાં આવા પ્રકારના બે કિસ્સાઓ બન્યાની માહિતી સ્થાનિક સ્તરે સામે આવી છે, જેમાં આદિવાસી સમાજની દીકરીને ફોસલાવવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ પ્રકારની ઘટનાઓને કારણે સમગ્ર વિસ્તારમાં ભય, અસુરક્ષા અને તણાવનું વાતાવરણ ઉભું થયું છે. આવા બનાવો માત્ર એક વ્યક્તિ કે પરિવાર સુધી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર સમાજની સુરક્ષા અને સાંસ્કૃતિક સમતોલન માટે ખતરો ઉભો કરે છે. જેને લઈ વાંસદા હિન્દુ સંગઠન દ્વારા ભારે રોષ સાથે આવેદનપત્ર આપવામા આવ્યું હતું. અને હવે જો સમાજની દિકરી પર આવુ કૃત્ય કોઈ વિધર્મી દ્વારા કરવામા આવશે તો જલદ અને આક્રમક આંદોલન કરવામાં આવશે. અને યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આ મુદ્દે જનઆંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.


